# ગુજરાતમાં વધુ ૧ કેસ, કુલ ૮૮

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | ગાંધીનગર | કચ્છ | ભાવનગર | મહેસાણા | ગીરસોમનાથ | પોરબંદરમાં | પંચમહાલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | ૦૯ | ૧૨ | ૧૦ | ૧૧ | ૦૧ | ૦૭ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૧ |

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં કોરોના વાયરસનો ભરડો ખતરનાક રીતે વધી રહ્યો છે. હવે ખાસ કરીને અમદાવાદ શહેર સહિત રાજયભરમાં લોકલ ટ્રાન્સમીશન એટલે કે, સ્થાનિક નાગરિકો દ્વારા જ કોરોના વાયરસના ચેપ અને ફેલાવાની દહેશત વધી ગઈ છે. ગુજરાતમાં કોરોનાના કેસો ઉપર આંશિક બ્રેક મુકવામાં ચોક્કસપણે સફળતા મળી છે. કારણ કે, ગુજરાતમાં કોરોનાના નવા કેસો નોંધાયા નથી. ગુજરાતમાં કોરોનાના કેસોમાં માત્ર એક કેસનો વધારો થયો છે. બીજી બાજુ આજે વડોદરામાં ૫૨ વર્ષીય પુરુષનું એસએસજી હોસ્પિટલમાં મોત થયું હતું. આની સાથે જ ગુજરાતમાં કોરોના વાયરસના કારણે મોતનો આંકડો વધીને ૭ થયા છે. કોરોના વાયરસને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. રાજ્યના તબીબો અને પેરામેડિકલ સ્ટાફને વેન્ટિલેટર કેરની તાલીમ આપવા માટે તૈયારી કરાઈ છે. ૭૩૮ આરોગ્ય કર્મીઓને તાલીમ આપવામાં આવી રહી છે. કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ૧૪મી એપ્રિલ સુધી સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ છે. લોકડાઉનની સ્થિતિમાં કોઈને પણ તકલીફ ન પડે તે માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. રાજ્યમાં હાલની પરિસ્થિતિ કે જેમાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહ્યું છે તેને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે સઘન કામગીરી હાથ ધરી છે. મોનિટરિંગ પણ કરવામાં આવી રહ્યું છે. વેન્ટિલેટર સહિતના અદ્યતન સાધનોની સુવિધા સાથે આઈસોલેશન વોર્ડ શરૂ કરવામાં આવ્યા છે. આયોજનના ભાગરુપે અમદાવાદમાં ૧૨૦૦ બેડ, વડોદરા, રાજકોટ અને સુરતમાં ૨૫૦ બેડ સાથે તથા અન્ય જિલ્લોમાં ૧૦૦ બેડની હોસ્પિટલો ઉભી કરવામાં આવનાર છે. રાજ્ય સરકારે રાજ્યમાં કુલ ૪૬૫૦ બેડની સુવિધા વધારવાનો નિર્ણય કર્યો છે જે માત્ર કોરોના દર્દીઓ માટે જ ઉપયોગ કરાશે. રાજ્યમાં હજુ કુલ લેબોરેટરી ટેસ્ટ ૧૮૩૬ કરવામાં આવ્યા છે જે પૈકી ૧૬૯૩થી વધુના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. નવ કેસ પેન્ડિંગ રહેલા છે. ભાવનગરમાં એક પોઝિટિવ કેસ આજે આવ્યો છે. ૨૭ વર્ષીય યુવક કોરોના પોઝિટિવ આવ્યો છે. ગુજરાતમાં સ્વસ્થ થયેલા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. ખુદ રાજય સરકારના મતે, આગામી ચારથી પાંચ દિવસ કોરોનાની પરિસ્થિતિને લઈ બહુ જ મહત્વના છે કારણ કે, આ સમયગાળા દરમ્યાન રાજયમાં લોકલ ટ્રાન્સમીશનની અસર જોવા મળશે અને તેના પરિણામો સામે આવશે. બીજીબાજુ, રાજયમાં કોરોના પોઝિટિવના કુલ દર્દીઓનો આંક ૮૮ પર પહોંચી ગયો છે, જયારે આજે સવારે વડોદરામાં કોરોનાગ્રસ્ત એક દર્દીનું મોત નીપજતાં રાજયમાં કોરોનાના કારણે કુલ મૃત્યુઆંક ૭નો થયો છે. આમ, રાજયમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો આંકડો ચિંતાજનક રીતે સતત વધી રહ્યો છે. તો સાથે સાથે મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. આરોગ્યવિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ કોરોનાની અપડેટ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત માટે રાહતના સમાચાર છે કે, ગઈકાલ પછી એકપણ નવો પોઝિટિવ કેસ નોંધાયો નથી. જો કે, હજુ આગામી ચારથી પાંચ દિવસ ગુજરાત માટે મહત્વના છે. ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૮૩૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

જેમાંથી ૧૬૯૩ નેગેટિવ આવ્યા છે. જયારે ૮૮ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે અને ૯ ટેસ્ટ પેન્ડિંગ છે. વડોદરામાં આજે સવારે એક ૫૨ વર્ષીય પુરૂષ દર્દીના મૃત્યુની ઘટના સામે આવી છે. ૮૮ પોઝિટિવ કેસમાં ૨ દર્દી વેન્ટિલેટર પર છે, ૭૧ દર્દી સ્ટેબલ છે. ૭ દર્દી સાજા થયા છે અને ૭ દર્દીના મૃત્યુ થયા છે. જેમાંથી ૩૩ જેટલા વિદેશી, ૪૬ લોકલ અને ૮ આંતરરાજ્ય સંક્રમણના કેસ નોંધાયા છે. જ્યારે ૭ મૃતકોમાં ૩ લોકલ, ૨ વિદેશી અને ૨ આંતરરાજ્ય સંક્રમિત દર્દીઓ છે. રાજ્યમાં અમદાવાદ હોટસ્પોટ જાહેર થયું છે. અમદાવાદમાં સૌથી વધારે ૩૧ કેસ અને ૦૩ મૃત્યુ નોંધાયા છે. ત્યારબાદ સુરતમાં ૧૨ કેસ અને ૧ મૃત્યુ, ગાંધીનગરમાં ૧૧ કેસ, રાજકોટમાં ૧૦ કેસ, વડોદરામાં ૦૯ કેસ અને ૧ મૃત્યુ, ભાવનગરમાં ૭ કેસ અને ૨ મૃત્યુ, પોરબંદરમાં ૩ કેસ, ગીર સોમનાથમાં ૨ કેસ જ્યારે કચ્છ, મહેસાણા અને પંચમહાલમાં ૧-૧ કેસ નોંધાયા છે. રાજ્યમાં માસ્ક અને સેનિટાઈઝરની જરૂરિયાતને ધ્યાનમાં લઈને પણ પગલા લેવાયા છે. રાજ્યમાં ગંભીર દર્દીઓની સારવાર માટે તમામ વિભાગોમાં થઈને સરકારી હોસ્પિટલોમાં ૧૦૬૧ વેન્ટીલેટર ઉપલબ્ધ છે.

## રાંદેરમાં રાજ્યનું સૌથી મોટું માસ કવોરનટાઈન કરાયું

### રાંદેરમાં ૫૦ હજારથી વધુ કવોરન્ટાઇન હેઠળ : રાંદેર વિસ્તારમાં લોન્ડ્રી ચલાવતા વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતા સમગ્ર વિસ્તાર માસ કવોરનટાઇન હેઠળ મુકાયો

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં સૌથી મોટુ માસ કવોરન્ટાઈનની ઘટના સુરતના રાંદેરમાં સામે આવી છે. સુરત શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવનો આંકડો ૧૨ પર પહોંચ્યો છે. બે દિવસ પહેલા રાંદેર વિસ્તારમાં લોન્ડ્રી ચલાવતા વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું હતું. લોન્ડ્રીના કારણે મોટી સંખ્યામાં લોકો સંપર્કમાં આવ્યા હોવાની શંકાને લઈને તંત્ર દ્વારા હવે અગમચેતીના ભાગરૂપે સમગ્ર રાંદેર વિસ્તારને માસ ક્વોરન્ટીન કરી દેવામાં આવ્યો છે. આ ગુજરાતનું સૌથી મોટું માસ ક્વોરન્ટીન હોવાનું મનાય છે. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા રાંદેરનો એક કિલોમીટરનો વિસ્તાર બેરિકેડથી બંધ કરી ૧૬ હજારથી વધુ ઘરોનો ડોર ટુ ડોર સર્વે પણ કરવામાં આવ્યો છે. હાલ ૫૦ હજારથી વધુ લોકો હોમ ક્વોરન્ટીનમાં અને તંત્રની નજર હેઠળ છે. બીજીબાજુ, સુરતની સ્મીમેર હોસ્પિટલમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો સાથે પારૂલબેન સુનિલભાઈ રાઠોડ (ઉ.વ. ૩૬, રહે. ફુલપાડા, અશ્વિનિકુમાર) દાખલ કરાયા હતા. કોરોનાના રિપોર્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. દરમિયાન પારૂલબેનનું મોત નિપજ્યું છે. હાલ કોરોનાનો રિપોર્ટ હાલ પેન્ડિંગ છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, સુરતના રાંદેરના ૬૭ વર્ષીય વૃદ્ધ લોન્ડ્રી ચલાવે છે. થોડા દિવસથી તેમને શરદી, ખાંસી, તાવ હોવાથી પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ થયા હતા. જયાં તેમને શંકાસ્પદ લક્ષણો જણાતા સેમ્પલ લઈ રિપોર્ટ કરાયો હતો. જે સોમવારે પોઝિટિવ આવ્યો હતો. વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું હતું અને તેમના સંપર્કમાં આવેલા લોકોને ટ્રેસ કરવાનું શરૂ કરી દીધું હતું. આરોગ્ય વિભાગે વૃદ્ધ અને તેમના સંપર્કમાં આવેલા પત્ની, સાળો, ભત્રીજો તેમજ પ્રાઈવેટ ડોક્ટર અને તેમના સ્ટાફ સહિત પાંચ જણાને તો ઓલરેડી ક્વોરન્ટીન કરી દીધા છે. પરંતુ બીજીબાજજુ, આ વૃદ્ધ લોન્ડ્રી ચલાવતા હોવાના કારણે અનેક ગ્રાહકો પણ તેમના સંપર્કમાં આવ્યા હોવાથી આરોગ્ય વિભાગના તબીબોએ તેમના નામો પૂછ્યા હતા. પરંતુ તેઓ નામ જાણતા ન હોવાથી પાલિકા દ્વારા વિસ્તારમાં સર્વે શરૂ કરાવ્યો છે. ત્યારબાદ રાંદર વિસ્તારને માસ ક્વોરન્ટીન કરી દેવાયો છે. રાંદેરમાં મળેલા પોઝિટિવ કેસને લઈને તેમની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવાથી તેમના રહેઠાણ આસપાસ એક કિલોમીટર વિસ્તારને ક્વોરન્ટીન કરવામાં આવ્યું છે.

સાથે જ એક કિલોમીટરના વિસ્તારમાં બેરીકેડ પણ મુકી દેવામાં આવ્યા છે અને રેડ ફ્લેગ પણ લગાવવામાં આવ્યો છે. માસ ક્વોરન્ટીનના કડક અમલ માટે પોલીસ પણ તૈનાત કરી દેવામાં આવી છે. રાંદેરના સમગ્ર વિસ્તારમાં ડિસ-ઈન્ફેકશનની કામગીરી પાલિકાના વેક્ટર બોર્ન ડિસીઝ (વીબીડીસી) વિભાગ ફાયરે મળીને હાથ ધરી હતી. જેમાં ૧૨ હોસ્પિટલ, ૨૩ મસ્જિદ, ૨૨ મેઈન રોડ, ૯૬૯ પબ્લીક જગ્યા, ૮૨ ઈન્ટરનલ રોડ પણ ડિસ-ઈન્ફેક્શન કરવામાં આવ્યું છે. માત્ર રાંદેર ટાઉન વિસ્તાર માટે ૫૫ ટીમ સર્વેલન્સ કરી રહી છે. રાંદરે વિસ્તારને માસ ક્વોરન્ટીન કરી આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેમાં કુલ ૧૬૭૮૫ ઘરોના સર્વે કરવામાં આવ્યા છે. હાલ રાંદેર વિસ્તારના ૫૪૦૦૩ લોકોને માસ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.




### કોરોનાથી હાહાકાર.. ● પહેલા પાનાનું ચાલુ

દુનિયાની સાથે સાથે દેશમાં પણ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. કેસ અને મોતનો આંકડો ભારતમાં પણ વધી રહ્યો છે. આજે સવારે છેલ્લા સમાચાર મળ્યા ત્યારે કેસોની સંખ્યા ભારતમાં કેટલાક નવા કેસોની સાથે વધીને ૨૪૭૪ સુધી પહોંચી ગઈ હતી. જ્યારે મોતનો આંકડો વધીને ૭૦ ઉપર પહોંચી ગયો છે. ભારતમાં ૩૦ રાજ્યોમાં કોરોના વાયરસની અસર જોવા મળી રહી છે. કેરળ અને મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત છે. આ ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ તેમજ જમ્મુ કાશ્મીર અને તમિળનાડુ પણ સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેલા રાજ્યોમાં સામેલ છે. કર્ણાટકમાં પણ કેસોની સંખ્યા ૧૦૦થી ઉપર પહોંચી ગઈ છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. દેશમાં ૧૪૪ લોકો સ્વસ્થ થઈને હોસ્પિટલમાંથી ઘરે જતા રહ્યા છે. ૭૦ના મોત થયા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરી દેવાયા છે. દેશના તમામ રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે.

### મોદીની ચર્ચા.. ● પહેલા પાનાનું ચાલુ

સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, જ્યારે લોકડાઉન ખતમ થશે અને લોકો મોટી સંખ્યામાં બહાર ન નિકળે તેની ખાતરી કરવાની પણ જરૂર દેખાઈ રહી છે. આના માટે સંયુક્ત રણનીતિની જરૂર દેખાઈ રહી છે. મુખ્યમંત્રીઓ સમક્ષ ધર્મગુરુઓ સાથે વાત કરવા સંબંધિત વડાપ્રધાનની અપીલ ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે કેટલીક જગ્યાઓ ઉપર લોકો સહકાર કરવાના બદલે આરોગ્ય કર્મી પર હુમલા કરી રહ્યા છે. ઈન્દોરથી લઈને દેશના જુદા જુદા ભાગોમાં આ પ્રકારના ફોટાઓ આવી ચુક્યા છે. નિઝામુદીન મરકઝમાં ગયા મહિને જલસામાં પહોંચેલા લોકો કોરોના વાયરસના સૌથી મોટા કેરિયર તરીકે ઉભર્યા છે. મોદીએ મુખ્યમંત્રીઓને ધર્મગુરુઓનો સહકાર લેવા અપીલ કરી છે પરંતુ તબલીગી જમાતના લીડર મૌલાના મોહમ્મદ સાદ જેવા ધાર્મિક નેતા ખરાબ વર્તન કરી રહ્યા છે અને હજારો લોકોના જાન ખતરામાં નાંખી રહ્યા છે. પોઝિટિવ કેસોની સંખ્યા સતત વધી રહી છે. આ પ્રકારની સ્થિતિમાં સાવચેતી જરૂરી બની છે. ઉદ્ધવ ઠાકરે સહિત કેટલાક મુખ્યમંત્રીઓ દ્વારા સૂચનો પણ કરવામાં આવ્યા હતા. રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથેની વાતચીત દરમિયાન જુદા જુદા વિષય પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કોરોના વાયરસના કારણે ઉભી થયેલી પરિસ્થિતિ અને આને રોકવાના પાસા પર ચર્ચા કરવામાં આવી હતી.

### ભારતીય સેના એલર્ટ.. ● પહેલા પાનાનું ચાલુ

આવી છે. હવાઈ દળનું કહેવું છે કે, તેના વિમાનોએ છેલ્લા ૩ દિવસમાં ૨૫ ટન સપ્લાય યોગ્ય જગ્યાએ પહોંચાડ્યો છે. હવાઈ દળે સમગ્ર દેશમાં માંગ પૂર્ણ કરવા માટે પોતાના તમામ પરિવહન વિમાનને તૈયાર કરી લીધા છે. સી-૧૭ હેવીલિફ્ટર, એએન-૩૨ પરિવહન વિમાન અને સી-૧૩૦ સ્પેશિયલ ઓપરેશન વિમાનો નાગરિક વહીવટીતંત્રના આદેશ પર કામ કરવા માટે તૈયાર છે. હવાઈ દળ અને નૌકા સેનાએ નાના ડોનિયર વિમાનોને પણ સપ્લાયના મોરચા પર મુકી દીધા છે.



### રાહતફંડમાં જેડબલ્યુનું યોગદાન

જેડબલ્યુએ મુખ્યમંત્રી રાહતફંડમાં રૂપિયા ૧૧ લાખ તેમજ પ્રધાનમંત્રીના ઝછઈઈજી ભંડોળમાં રૂપિયા ૨૫ લાખનું યોગદાન આપ્યુ છે. તદઉપરાંત અત્યારના સમયમાં સામાજિક સંસ્થાઓ સાથે સંકળાઈને જરૂરિયાતમંદ લોકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવા આ દાન આપવામાં આવ્યુ છે.

### જમાતીની ઓળખ.. ● પહેલા પાનાનું ચાલુ

મંત્રાલયે પણ દેશભરમાં તબગીલી સમાજ સાથે જોડાયેલી ગતિવિધિ અંગે માહિતી આપી છે. તેના કહેવા મુજબ જમાતે દેશભરમાં ધર્મ પ્રચારનો કાર્યક્રમ ચિલ્લાહ જારી રાખ્યો હતો. આના માટે સેંકડો દેશી વિદેશી લોકો દેશના જુદા જુદા ભાગોમાં પહોંચ્યા હતા. હવે તમામની ઓળખ કરીને કાર્યવાહી ચાલી રહી છે. ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. દેશી અને વિદેશી મુસ્લિમોની ઓળખ કરવા વ્યપાક દરોડા પાડવામાં આવી રહ્યા છે. કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં અવિરતપણે વધારો થઈ રહ્યો છે.

કાર્યક્રમમાં દેશના તમામ ભાગોમાંથી મુસ્લિમ સમુદાયના લોકો પહોંચ્યા હતા. ઓળખાણ કરવાના આદેશો ટોચના સ્તરે આપી દેવામાં આવ્યા છે.સ્થિતી જટિલ અને ચિંતાજનક બની ગયા બાદ હવે ધાર્મિક પ્રચારમાં લાગેલા દેશી અને વિદેશી મુસ્લિમોની શોધખોળ માટે દેશભરમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. એવા લોકોની શોધખોળ પણ કરવામાં આવી રહી છે જે કાર્યક્રમમાં ભાગ લીધા બાદ જમાતમાં સામેલ રહેલા લોકોની સાથે ટ્રેનોમાં મુસાફરી કરી ગયા હતા. દેશભરમાં જારી સર્ચ ઓપરેશનમાં જુદા જુદા રાજ્યોમાં સફળતા મળી છે. રાજસ્થાનમાં મેવાતના કામમાં રહેલા લોકોમાં વધારો થઈ રહ્યો છે. જિલ્લા કલેકટરના નિર્દેશ બાદ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. જોધપુરથી ૧૬ લોકોને આરોગ્ય નિરીક્ષણ માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. આ તમામ લોકોએ દિલ્હીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ ૧૦ પૈકી નવ હૈદરાબાદના છે. એકથી ૧૫મી માર્ચ દરમિયાન આયોજિત તબલીગી જમાતના કાર્યક્રમમાં દેશના જુદા જુદા ભાગોમાંથી લોકો પહોંચ્યા હતા. જુદા જુદા રાજ્યોમાં દિલ્હીના કાર્યક્રમમાં ભાગ લેનાર લોકોની ઓળખ કરીને તેમને ક્વોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી ભારે જટિલ બની છે.

### કોઈ કેસ નહિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં ૯ કેસ લોકલ ટ્રાન્સમિશનની હિસ્ટ્રી ધરાવે છે જ્યારે બે કેસ વિદેશ મુસાફરીની હિસ્ટ્રી ધરાવે છે. જિલ્લાના ૧૧ એ દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા હાલ ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે.

### ડ્રોન સર્વેલન્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાહનોમાં માણસોની હેરફેર થતી હોય એવા કિસ્સા ધ્યાને આવ્યા છે એટલે પોલીસ સઘન ચેકિંગ કરી રહી છે. આવા સંજોગોમાં વાહન જપ્ત કરીને માલિકો સામે ગુનો નોંધીને કાર્યવાહી કરાશે. જુનાગઢ ખાતે ખાનગી એમ્બ્યુલન્સમાં માણસોની હેરાફેરી સંદર્ભે એમ્બ્યુલન્સના સંચાલક સહિત ૧૦ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે લૉકડાઉન અને કોરોના વાયરસ અંગે રાજયના વહીવટીતંત્ર દ્વારા કરાયેલી કામગીરીની વિગતો સમૂહ માધ્યમો દ્વારા સચોટ અને સાચી માહિતી આપવામાં આવી રહી છે ત્યારે સોશિયલ મીડિયામાં પણ નાગરિકો ગેરમાર્ગે દોરાઈ તથા અફવાઓ ફેલાય તેવી પોસ્ટ ન મૂકવા પણ અપીલ છે. આ પ્રકારની પ્રવૃત્તિ અટકાવવા માટે પોલીસ મીડિયા મોનિટરિંગ સેલ દ્વારા સોશિયલ મીડિયા ટ્રાફિક પર સતત નજર રાખવામાં આવી રહી છે તે અંતર્ગત પણ રાજ્યમાં ૨૫ ગુના નોંધીને ૫૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. શ્રી ઝાએ તહેવારોના સમયમાં પણ નાગરિકોએ તહેવારની ઉજવણી ઘરે રહીને કરવા અપીલ કરતા કહ્યું કે ધાર્મિક સંસ્થાઓમાં પણ બેથી ત્રણ લોકો સિવાય વધુ લોકોને એકત્ર ન થવું જેથી કરીને કોરોનાનું સંક્રમણ અટકાવી શકાય એ જ રીતે ધર્મગુરુઓને પણ નાગરિકોને ધર્મ સંસ્થામાં એકત્ર ન કરવા પણ અપીલ કરવામાં આવી છે. પોલીસ વડાશ્રી ઝાએ કહ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સૂચન પ્રમાણે રાજ્યમાં લૉકડાઉનની સ્થિતિ વધુ સુદ્રઢ બને તેવા હેતુથી કમ્યુનિટી વોલિન્ટીયર્સ તરીકે સિવિલ ડિફેન્સના જવાનો, કોલેજના દ્રજીજી/દ્રઝઝના વિદ્યાર્થીઓને આ કામગીરીમાં જોડવાનો ગૃહ વિભાગ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નિવૃત પીએસઆઈ અને તેથી નીચેની કેડરના શારીરિક સક્ષમ પોલીસ કર્મચારીઓને પણ ટૂંકા ગાળા માટે તેમની સેવામાં લેવામાં આવશે જેની કાર્યવાહી હાલમાં ચાલી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મરકઝ, નિઝામુદીનમાંથી ગુજરાતમાં આવેલા લોકો અંગે કેન્દ્ર સરકાર દ્વારા આપેલી વિગતો મુજબ વિવિધ સ્થળોએ ચેકિંગ કરીને આજે સુરતમાંથી ૦૮ તેમજ અમદાવાદમાંથી ૦૪ એમ અત્યાર સુધીમાં કુલ-૮૪ને ઓળખી લઈને ક્વૉરન્ટાઈનમાં લઈ લેવામાં આવ્યા છે જ્યારે હજુ પણ બાકીના લોકોની શોધખોળ ચાલી રહી છે.


## પાલનપુરના ડો. લુકમાન મેમણનું કારસ્તાન

## દિલ્હીના તબલીકી જમાતનો પીછો છોડવાનું મિડીયા માટે ફેસબુકમાં પોસ્ટ કરતા વિવાદ

હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી ફેલાઈ ગઈ છે ત્યારે તાજેતરમાં દિલ્હીના નિઝામુદીન વિસ્તારમાં આવેલ મસ્જીદમાં ચાલી રહેલા જલસામાં ત્યાંના મૌલાનાએ સમગ્ર દેશના અને વિદેશના અનેક મોલવીઓને સંબોધીને ભારતના પ્રધાનમંત્રીએ જાહેર કરેલ લોકડાઉનને મુસ્લિમ વિરોધી ગણાવી આ વાતનો છેદ ઉડાડી લોકોને ભેગા રહી ટોળાં કરી ઈસ્લામ ધર્મની ગુણ ગાતા રહ્યા હતા. ત્યારે આ તબલીકી જમાતનો જલસો ગત તા. ૧૫ માર્ચે પુર્ણ થઈ ગયો હોવા છતાં લોકોને ત્યાંના ત્યાં રાખીને લોકડાઉનનો ધરાર ભંગ કર્યો હતો. ત્યારબાદ કેન્દ્ર અને રાજ્ય સરકારના ધ્યાને આ વાત આવતાં મસ્જીદમાંથી પોલીસ બળ વાપરીને આ જગ્યા ખાલી કરાવાઈ હતી. તેમાંથી નીકળેલા અનેક મુસ્લિમોને તબીબી તપાસ કરાવાતાં કોરોના પોઝીટીવના અનેક દર્દીઓ મળી આવ્યા હતા. જ્યારે અન્ય લોકોને કોરોન્ટાઈન કરાવ્યા હતા.જ્યારે અન્ય લોકો ભારતના જે તે વિસ્તારમાં પહોંચી ગયા છે. તે લોકોને શોધીને તંત્ર દ્વારા કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ સંદર્ભના સમાચારો દેશની વિવિધ ન્યુઝ ચેનલોમાં ચમકતાં સમગ્ર દેશમાં ભારે ગભરાટની લાગણી પ્રસરી ગઈ છે. તેવામાં પાલનપુરના એક તબીબે દિલ્હી જમાતના સમાચારો મુદ્દે પત્રકારોને નિશાન બનાવી એક ઉશ્કેરણી જનક પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. આ મુદ્દે પૂર્વ પોલીસ મથકના પીએસઆઈ ફરિયાદી બની ગૂનો નોંધતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં ચકચારી બનેલી ઘટનાની વિગતો એવી છે કે, પાલનપુરના તબીબ ડો. લુકમાન મેમણએ દિલ્હી જમાતના સમાચારો મુદ્દે પત્રકારોને નિશાન બનાવી એક ઉશ્કેરણી જનક પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. આ મુદ્દે પૂર્વ પોલીસ મથકના પીએસઆઈ એસ. એ. ચૌધરી ફરિયાદી બની ગૂનો નોંધતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે ડો. લુકમાન મેમણએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, મેં ભૂલથી આ પોસ્ટ મૂકી હતી. જેનો કોઈ વ્યક્તિએ સ્ક્રીન શોટ કરી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. જોકે, મેં આ પોસ્ટ ડીલીટ કરી દીધી છે.




### દેશમાં કોરોના..

● પહેલા પાનાનું ચાલુ

વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એકશનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. દેશમાં ૧૪૪ લોકો સ્વસ્થ થઈને હોસ્પિટલમાંથી ઘરે જતા રહ્યા છે. ૭૦ના મોત થયા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરી દેવાયા છે. દેશના તમામ રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ભારતમાં કોરોનાના વધતા કેસો વચ્ચે તકેદારી સતત વધી રહી છે. કોરોના વાયરસે ૨૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સકંજામાં લઈ લીધા છે. સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. લોકડાઉનના નિયમોને સરળ રીતે પાળવામાં આવે તે જરૂરી છે. તમામ રાજ્યો અને જિલ્લાઓને સરહદ સીલ કરવાની સૂચના આપવામાં આવી ચુકી છે. ભારત સરકાર તમામ રીતે લોકોને સુરક્ષિત રાખવા માટે માર્ગદર્શિકા વારંવાર જારી કરી રહી છે. તમામ રાજ્યોમાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા વધી ગઈ છે. હાલમાં સરકાર કોમ્યુનિટી ટ્રાન્સમીશનના અહેવાલને રદિયો આપી રહી છે. સોમવારના દિવસે સંખ્યા ૧૩૪૭ હતી. જે મંગળવારના દિવસો વધીને ૧૬૦૦થી ઉપર પહોંચી ગઈ હતી. ગઈકાલે બુધવારના દિવસે કેસોની સંખ્યા ૧૯૦૦થી ઉપર પહોંચી હતી.આજે ગુરૂવારના દિવસે કેસોની સંખ્યા ૨૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે. જે દર્શાવે છે કે કોરોના વાયરસ કેટલી ઝડપથી ભારતમાં પણ પગ પેસારો કરી રહ્યો છે. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો.